# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **વડોદરાની પારૂલ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે , શિક્ષણ એ રાષ્ટ્રના સર્વાંગી વિકાસનો મજબૂત આધાર છે.**
2. **U.P.S.C. સિવિલ સર્વીસીઝ પરીક્ષા 2025ની મુખ્ય પરીક્ષામાં સ્પીપાના 76 તાલીમાર્થીઓ પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થયા.**
3. **આતંકવાદી તેમજ દેશદ્રોહી પ્રવૃત્તિઓ રોકવા જામનગર જિલ્લાના 12 ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ જાહેર કરાયો.**
4. **C.I.D. ક્રાઇમના P.I. અને કોન્સ્ટેબલ 30 લાખની લાંચ લેતા રંગેહાથે A.C.B.ના હાથે ઝડપાયાં**
5. **અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ સ્પર્ધાનો આજથી ગાંધીનગરથી પ્રારંભ.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARUL UNIVERSITY

પારૂલ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને યોજાયો. જેમાં વિવિધ વિષયના સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને ડિગ્રી તથા શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ રાષ્ટ્રના સર્વાંગી વિકાસનો મજબૂત આધાર છે. આજના યુવાનો માત્ર નોકરી શોધનાર નહીં પરંતુ નોકરી આપનાર બને તે દિશામાં શિક્ષણ સંસ્થાઓ મહત્વની ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીઓએ મેળવેલ જ્ઞાનનો ઉપયોગ સમાજ અને દેશના વિકાસ માટે કરવો જોઈએ તેમ તેમણે ભાર આપ્યો હતો.

---

# AMUL MILK PRODUCT

વલ્લભ વિદ્યાનગર સરદાર પટેલ યુનિવર્સિટીનો 68મો પદવીદાન સમારોહ પ્રસંગે ઉપસ્થિત **N.D.D.B.**ના ચેરમેન ડો.મિનેશ શાહે કહ્યુ કે, સહકારી ક્ષેત્રમાં અમૂલ અભૂતપૂર્વ યોગદાન આપી રહી છે.

તેમણે કહ્યુ હતું કે રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમ દ્વારા ફળ,શાકભાજી અને અન્ય કૃષિ ઉત્પાદનો વેચાણ માટે અમૂલ મોડલ લાગુ કરવામાં આવી રહ્યું છે.. ભારત આજે વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બન્યો છે. દેશમાં દરરોજ **250** રૂપિયા કરોડ પશુપાલકોને ચૂકવવામાં આવે છે.

# બાઇટ- ડો. મિનેશ શાહ, NDDB ચેરમેન, આણંદ

---

## SPIPA -UPSC

યુપીએસસી સિવિલ સર્વીસીઝ પરીક્ષા 2025ની મુખ્ય પરીક્ષામાં સ્પીપાના 76 તાલીમાર્થીઓ પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થયા.

યુપીએસસી દ્વારા ગત ઓગષ્ટ માસમાં લેવાયેલ સિવિલ સર્વીસીઝ પરીક્ષા 2025ની મુખ્ય પરીક્ષામાં સ્પીપાના કુલ 272 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ગત 11 નવેમ્બરે મુખ્યપરીક્ષા ૨૦૨૫નું પરીણામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ 2 હજાર 736 ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે ક્વોલિફાય કરવામાં આવ્યા છે.

છેલ્લા ત્રણ વર્ષમાં સ્પીપામાંથી પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થનાર તાલીમાર્થીઓની સંખ્યા કુલ 160 હતી. જ્યારે વર્ષ 20024-25ના મુખ્ય પરીક્ષાના તાલીમ વર્ગમાં જોડાયેલા 272 ઉમેદવારોમાંથી પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થનાર તાલીમાર્થીઓની શરૂઆતની સંખ્યા 49થી વધીને હવે 76 તાલીમાર્થીઓ સુધી પહોંચી છે.

ઉલ્લેખનીય છે કે , સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(સ્પીપા)એ ગુજરાત સરકારની સર્વોચ્ચ તાલીમી સંસ્થા છે.

---

# SIR GUJ

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. SIRની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં 5 કરોડ 8 લાખ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે.

આ દરમિયાન કુલ જે નાગરિકોના અવસાન , કાયમી સ્થળાંતર , ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે BLO અને રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું જે 100 ટકા સફળ રહ્યું છે.

તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે.

5.08 કરોડ ફોર્મ પૈકી ગેરહાજર , સ્થળાંતરિત અને મૃત્યુ યાદીમાં ધ્યાને આવેલી 10.69 લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણતાને આરે છે. રાજ્યના કુલ 33 પૈકી 26 જિલ્લાઓની ગેરહાજર , સ્થળાંતરિત અને મૃત્યુ યાદીમાં શૂન્ય વિસંગતતાઓ છે. જ્યારે અન્ય 07 જિલ્લાઓમાં મળી માત્ર 11 વિસંગતતાઓના કિસ્સામાં ખરાઈની પ્રક્રિયા પ્રગતિમાં છે.

---

# JAMNAGAR-Prohibition notice

જામનગર જિલ્લામાં આતંકવાદી તેમજ દેશદ્રોહી પ્રવૃત્તિઓ રોકવા ૧૨ દરિયાઈ ટાપુઓ પર પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. 12 ટાપુઓ પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત છે. જયારે અન્ય પર માનવવસાહત નથી.

રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઇ જિલ્લા મેજીસ્ટ્રેટે આ નિર્જન ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અમારા પ્રતિનિધિ ના જણાવ્યા મુજબ પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવા નાયબ વન સંરક્ષકશ્રી , મરીન નેશનલ પાર્કની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. આ જાહેરનામું આગામી 10 ફેબ્રુઆરી 2026 સુધી અમલમાં રહેશે.

દરમ્યાન, જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જિલ્લાના રેડ અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્ય છે. આ અંગેનું જાહેરનામું આગામી 9 જાન્યુઆરી 2026 સુધી આ જાહેરનામું અમલમાં રહેશે.

---

# ACB ARREST

**ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરોએ સીઆઇડી ક્રાઈમના પોલીસ ઇન્સ્પેક્ટર અને કોન્સ્ટેબલને 30** લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે.

**ઉલ્લેખનીય છે કે, કોલ સેન્ટરના એક ગુનામાં કાર્યવાહી ન કરવા અને સેટલમેન્ટ કરવા પીઆઇ અને એક આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલે લાંચ માગી હતી,**

ત્યારે એસીબીએ ટ્રેપ ગોઠવી બંને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હોવોનું એસીબીના પોલીસ અધિકારી જી વી પઢેરિયાએ જણાવ્યું હતું.

**બાઇટ- જી.વી. પઢેરિયા, પોલીસ અધિકારી , એસીબી**

---

## CYBER FRAUD

ગાંધીનગરના સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સે 2 કરોડ 19 લાખના ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડના ગુનામાં બે આરોપીઓને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાંથી ઝડપી પાડ્યા છે.

આરોપીઓએ ફરીયાદીને વોટસએપ પર સંપર્ક કરી, પોતાની કંપનીના બ્રોકર તરીકે ઓળખ આપી અને સેબીના લેટર મોકલી વિશ્વાસમાં લીધા હતા. વોટસએપ ગ્રુપમાં જોડાવી, અલગ અલગ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી, ટ્રેડિંગ માટે ફંડ ટ્રાન્સફર કરાવ્યા હતા.

શરૂઆતમાં **57** હજાર **886** રૂપિયા વિડ્રોલ કરાવી, ત્યારબાદ વધુ રકમ માટે **20** ટકા બ્રોકરેજ કમીશનની માંગણી કરી હતી.

---

## POLICE APPEAL FOR NO DRUGS

અમદાવાદ શહેરમાં ગોગો પેપરના વેચાણ અને તેનો નશાના સેવન માટે થતાં ઉપયોગ અંગે સ્પેશિયલ ઓપરેશન ગૃપ એસઓજીએ સઘન તપાસ શરૂ કરી છે.

યુવાનોમાં નશાના સેવન અને ગોગો પેપરનો ઉપયોગ વધ્યો હોવાની માહીતીના આધારે એસઓજીએ પોલીસે શહેરના જુદાજુદા વિસ્તારોમાં પાનની દુકાનોમાં દરોડા પાડીને તપાસ હાથ ધરવામાં આવી છે. દરમ્યાન, પોલીસે યુવાનોને ગોગો પેપર અને માદક દવ્યોના સેવનથી દૂર રહેવા અપીલ કરી છે.

# બાઇટઃ પોલીસ અધિકારી એસઓજી

---

# DAK ADALAT

ટપાલ સેવાઓનો ઉપયોગ કરતા ગ્રાહકોની ફરિયાદોને અસરકારક રીતે અને સમયસર નિવારવા માટે, અમદાવાદ શહેર વિભાગના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ દ્વારા એક મહત્વપૂર્ણ 'ડાક અદાલત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અદાલત 30 ડિસેમ્બરના રોજ સવારે 11 કલાકે સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, શહેર વિભાગ, અમદાવાદની કચેરી ખાતે યોજાશે.

ગ્રાહકો તેમની ફરિયાદો ટપાલ , મની ઓર્ડર અને સિગ્નેચર સેવિંગ્સ યોજનાઓ સંબંધિત બાબતો માટે કરી શકશે.

ફરિયાદીઓએ પોતાની અરજીઓ સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ (અમદાવાદ શહેર) , પહેલો માળ , નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ , નવરંગપુરા, અમદાવાદ 380009 ને સંબોધીને મોકલવાની રહેશે.

ફરિયાદો સ્વીકારવાની નિયત તારીખ 24/12/2025 નક્કી કરવામાં આવી છે.

---

# ARVALLI SANSAD KHEL MAHOTSAV

અરવલ્લી જિલ્લાના સાઠંબા તાલુકાના ગાબટ ગામે સાંસદ ખેલ મહોત્સવ યોજાયો હતો. અરવલ્લી સાબરકાંઠા જિલ્લાના સાંસદ શોભના બારૈયાએ આ ખેલ મહોત્સવને ખુલ્લો મુક્યો હતો, જેમાં વિવિધ શાળાના ખેલાડીઓ જોડાયા હતા.

તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી આ પહેલથી રમતવીરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને આવનાર દિવસોમાં રમતવીરો માટે નવી તકો મળશે.

## ઓડિયો : શોભનાબેન બારૈયા, સાંસદ

---

# ALL INDIA CIVIL SERVICE LOAN TENNIS COMPETITION

રાજ્ય સરકાર દ્વારા અખિલ ભારતીય મુલ્કી સેવા લોન ટેનિસ સ્પર્ધા વર્ષ 2025-26 આજથી 22 ડિસેમ્બર દરમિયાન ગાંધીનગર ખાતે યોજાશે. આ સ્પર્ધાનો ઉદ્દઘાટન સમારોહ સચિવાલય જીમખાના , સેકટર-૨૧, ગાંધીનગર ખાતે સરકારના મુખ્ય સચિવ મનોજ કુમાર દાસની ઉપસ્થિતિમાં યોજાશે.

---

# GUJCAT 2026

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ડીગ્રી એન્જનિયરીંગ, ડીગ્રી ડિપ્લોમા અને ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા વિજ્ઞાન પ્રવાહના ગૃપ-એ, બી અને ગૃપ-એબીના માટે ગુજરાત કોમન

**એન્ટ્રન્સ ટેસ્ટ ગુજટેક 2026 પરીક્ષાનું ઓનલાઇન આવેદનપત્ર બોર્ડની વેબસાઇટ [www.gseb.org](http://www.gseb.org) તથા gujset.gseb.org પરથી આજથી 30મી ડીસેંબર સુધી ભરી શકાશે. જેની પરીક્ષા ફી 350 રૂપિયા એસબીઆઇ પેય સિસ્ટમ મારફતે ઓનલાઇન ભરી શકાશે.**

---